# ઊંચા ઊંચા શત્રુંજય ના શિખરો સોહાય

(રાગ: મેરા જીવન કોરા કાગઝ કોરા હી રહ ગયા)

નમસ્કાર ગિરિરાજને રે...પૂજો ગિરિરાજને રે...
જય ગિરિરાજ...જય ગિરિરાજ

ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય (૨)
વચ્ચે મારા ... વચ્ચે મારા દાદા કેરા દેરા ઝગમગ થા ...ય
ઊંચા ઊંચા... ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય
ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

દાદા તારી યાત્રા કરવા (૨)
મારું મન લલચા ...ય, મારું મન લલચાય
તળેટી એ શીશ નમાવી,
ચઢવા લાગું પા ...ય, ચઢવા લાગું પા ...ય
પાવનગિરિને ...પાવનગિરિને સ્પર્શ થાતાં પાપો દુર પલા ...ય
ઊંચા ઊંચા ... ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય
ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

લીલી લીલી ઝાડીઓમાં (૨)
પંખી કરે કલશો ...૨, પંખી કરે કલશોર
સોપાન ચઢતાં ચઢતાં જાણે
હૈયું અષાઢી મો ...૨, હૈયું અષાઢી મો ...૨
કાંકરે કાંકરે ..., કાંકરે કાંકરે સિદ્ધા અનંતા લળી લળી લાગુ પા ...ય
ઊંચા ઊંચા ... ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય
ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

પહેલી આવી રામપોળ ને (૨)
ત્રીજી વાઘણપો ...ળ, ત્રીજી વાઘણપો ...ળ
શાંતિનાથનાં દર્શન કરતા,
પહોંચ્યા હાથીપો ...ળ, પહોંચ્યા હાથીપો ...ળ
સામે મારા ... સામે મારા દાદા કેરા દરબાર દેખાય..
ઊંચા ઊંચા ... ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય
ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

ક્ષમા ભાવે ઓમકાર પદનો (૨)

નિત્ય કરીશ હું જા ...પ, નિત્ય કરીશ હું જા ...પ

દાદા તારા ગુણલાં ગાતા

કાપિશ ભવના પા ...પ, કાપિશ ભવનાં પા ...પ

પદ્મવિજયને ... પદ્મવિજયને હૈયે આજે આનંદ ઉભરા ...ય

ઊંચા ઊંચા ... ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

વચ્ચે મારા ... વચ્ચે મારા દાદા કેરા દેરા ઝગમગ થા ...ય

ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

ઊંચા ઊંચા શત્રુંજયનાં શિખરો સોહા ...ય

શિખરો સોહા ...ય, શિખરો સોહા ...ય

February 27, 2016 - https://www.youtube.com/watch?v=cryDZeRk6tI